## 1. ટૂંકનોંધ લખો : શાંતિની વિભાવના.

- "શાંતિએ સમાજની એવી અવસ્થા છે, જેમાં આંતરિક રૂપે તેના સભ્યો તથા બાહ્યરૂપે તેના અન્ય સમુદાયો સાથેના સંબંધોમાં વ્યવસ્થા અને ન્યાયનો પ્રભાવ વર્તાતો હોય છે." ભારતીય સંસ્કૃત સાહિત્યમાં માનવ મનની શાંતિ, પૃથ્વી ઉપર શાંતિ, સમુદ્ર અને અંતરિક્ષમાં શાંતિ તથા બ્રહ્માંડમાં શાંતિનો વિચાર કરવામાં આવ્યો છે. વૈધિક વિધિઓની શરૂઆત આ શાંતિ મંત્રોથી થાય છે. દેશ અને વિશ્વમાં અલગ અલગ તત્વચિંતકો, સમાજસુધારકો, કાયદાના અભ્યાસીઓ અને રાજયશાસ્ત્રીઓએ પણ શાંતીની સ્થાપના માટે પ્રયત્નો કર્યા છે. શાંતિની વિભાવના સ્પષ્ટ કરવા માટે વિશ્વકક્ષાએ અગ્રીમ ચિંતકોના વિચારો સમજવા પ્રયત્ન કરવા જરૂરી છે.
- શાંતિ અંગેના ગાંધીજીના વિચારો : ભારત અને વિશ્વ શાંતિમાં ગાંધીજીનું ચિંતન અગ્રસ્થાને છે. તેઓએ દરેક પ્રકારના શોષણમાંથી માનવીની મુક્તિને શાંતિની પરિસ્થિતિ તરીકે ઓળખાવી હતી. ગાંધીજીએ સર્વોદય સમાજની કલ્પનામાં કોઈનું શોષણ કરતું ન હોય અને શાંતિપૂર્ણ વ્યવસ્થા હશે તેવી વાત કરી હતી. સત્ય અને અહિંસાના પુજારી એવા ગાંધીજીએ સ્વતંત્રતા દરમ્યાન ચોરી ચૌરા ગામની ઘટનાએ ગાંધીજીને વ્યતિત કરી દીધા અને સત્યાગ્રહને સ્થગિત કર્યા હતા.
- શાંતિ અંગેના કાર્લ માર્ક્સના વિચારો : કાર્લ માર્ક્સના મતાનુસાર મૂડીપતિઓ અને જમીનદારો તેમની મિલકતની માલિકી હિંસા વગર છોડશે નહિ. હિંસા દ્વારા જૂની શોષણયુક્ત સમાજ વ્યવસ્થા તોડીને વર્ગવિહીન સમાજરચના સ્થપાશે ત્યારે જે સમાનતા આવશે અને શાંતિ સ્થપાશે. કાર્લ માર્ક્સના વિચારોમાં ધ્યાન આકર્ષક બાબત એ હતી કે શોષણ અટકાવવા માટે ગાંધીજીના અહિંસાના માર્ગથી વિરુદ્ધ તેઓ હિંસાનું સમર્થન કરતા જોવા મળે છે.
- શાંતિ અંગે વુડ્રો વિલ્સનના વિચારો : પ્રથમ વિશ્વયુદ્ધની ભયાનતાના ચિતનાત્મક ફળશ્રુતિ તરીકે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ વુડો વિલ્સને વિશ્વશાંતિ માટે 14 સૂત્રીય કાર્યક્રમ અને રાષ્ટ્રસંઘની સ્થાપના માટે મહત્વનું યોગદાન આપ્યું. કેટલાક કારણોસર રાષ્ટ્રસંઘની સ્થાપના માટે મહત્ત્વનું યોગદાન આપ્યું. કેટલાક કારણોસર રાષ્ટ્રસંઘ નિષ્ફળ નિવડ્યું અને બીજુ વિશ્વયુદ્ધ શરૂ થયું. વિસ્લનની શાંતિ વિચારણા એ હતી કે વિશ્વના દેશો પરસ્પરના પ્રશ્નો યુદ્ધ દ્વારા નહિ પરંતુ શાંતિપૂર્ણ ચર્ચા વિચારણા દ્વારા ઉકેલે તો જ વિશ્વશાંતિ જાળવી શકાય. તેઓનું સ્વપ્ન 1945માં સ્થપાયેલ સંયુક્તરાષ્ટ્ર સંઘ પૂર્ણ કરી રહ્યું છે.
- શાંતિ અંગે જહોન ગાસ્રના વિચારો : આધુનિક સમયમાં પ્રો. જહોન ગાલ્લુગના વિચારોને શાંતિની સ્થાપના માટેના મહત્વના વિચારી તરીકે અભ્યાસમાં લેવાય છે. તેઓ હિંસાના અભાવને શાંતિપૂર્ણ વ્યવસ્થા તરીકે ઓળખાવે છે. પ્રો. ગાલેંગના મતે બે પ્રકારની હિંસા સમાજમાં પ્રવર્તે છે.

  (1) પ્રત્યક્ષ હિંસાઃ કે જેને નકારાત્મક શાંતિ તરીકે ઓળખાવે છે.

  (2) સમાજગત હિંસા : કે જેને સકારાત્મક શાંતિ તરીકે ઓળખાય છે. શાંતિ અંગેના જુદા જુદા ચિંતકોના વિચારોના અભ્યાસને આધારે શાંતિના વિચારને કેવી રીતે સાકાર કરવા તે વ્યક્તિગત બાબત છે.

## 2. ટૂંકનોંધ લખો : નિઃશસ્ત્રીકરણ.

- વિનાશ જ નવસર્જનનો પાયો છે. કલિંગ રાજય ઉપરના આક્રમણ પછી ભારે નરસંહારથી વ્યથિત સમ્રાટ અશોકે શસ ત્યાગ કર્યો. તેવી જ રીતે બે વિશ્વયુદ્ધોની ભયાનક્તાએ નિઃશરસીકરણનો ખ્યાલ વિશ્વ સમક્ષ મૂક્યો. નિઃશરસીકરણ એટલે દેશને શસ્ત્રવિહીન કરવું તેમ થતો નથી. દરેક દેશને પોતાની આંતરિક અને બાહ્ય સુરક્ષા માટે પરંપરાગત શસોની જરૂરિયાતો હોય તે સ્વાભાવીક છે. પરંતુ, માનવજાત માટે અતિ હાનિકારક એવા

અણુપરમાણુશસ્ત્રો તથા રાસાયણિક અને જૈવિકશસ્ત્રો ક્રમશઃ ઘટાડીને છેવટે નાશ કરવાની પ્રક્રિયાને નિઃશસ્ત્રીકરણ કહેવાય છે. નિઃશસીકરણ અંગે શરૂઆત હેગ સંમેલનમાં થઈ હતી કે જેમાં ઝેરી ગેસ અને વિનાશક શસ્ત્રો ઉપર પ્રતિબંધ મૂકવા માટે પ્રથમવાર ઠરાવ કર્યો.

- નિઃશસ્ત્રીકરણ કરવા માટેની દલીલો :

  (1) આ શરબો ભારે વિનાશકશક્તિવાળાં છે : અમેરિકાએ જાપાનના હિરોશિમા અને નાગાસાકી શહેરો પર જે અણુબોંબ ફેકેલા અને તેને પરિણામે જે વિનાશ સર્જાયેલ તે જાપાન આજ દિન સુધી અનુભવી રહ્યો છે. આજે વિશ્વના અનેક દેશો અણુશસ્ત્રો બનાવી ચૂક્યા છે. પરંતુ, જો આ અણુશસ્ત્રો આંતકવાદી જૂથો કે કોઈ માથા ફરેલ સત્તાધીશ પાસે આવે તો વિશ્વ કક્ષાએ જે વિનાશ અને જનહાનિ સર્જાય શકે તે અકલ્પનીય છે. વર્તમાન સમયમાં પાકિસ્તાન અને ઉત્તર કોરિયા જેવા દેશો પાસેના અણુશસ્ત્રોએ દુનિયાને ચિંતામાં મૂક્યા છે.

  (2) લશ્કરી ખર્ચમાં વધારો : દ્વિતીય વિશ્વયુદ્ધ પછી વિશ્વના અનેક દેશો સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે શાસનની ધુરા સંભાળી. આ નવોદિત રાજયો વર્ષઓની ગુલામીને લીધે આર્થિક અને સામાજિક રીતે પાછળ રહ્યા હતાં. પરંતુ વિશ્વની મહાસત્તાઓએ આવા દેશોને શસ્ત્રીકરણ માટે પ્રોત્સાહિક કર્યા. દેશના વિકાસ માટે કરવા જોઈતા ખર્ચા લશ્કરી ખર્ચા પાછળ થયા અને આ દેશો દેવાના નીચે પિશાયા આ સ્થિતિને નિવારવા નિઃશસ્ત્રીકરણ દ્વારા જ શક્ય બને છે.

  (3) અણુશસ્ત્રોના ઉત્પાદક દેશો શસ્ત્રીકરણને પ્રોત્સાહન આપે છે : 1945 પછીની વિશ્વસત્તાઓ કે જે અણુશસ્ત્રો ઉત્પાદક હતાં. તેઓ પોતાના ઉત્પાદનના બજારની શોધ માટે નવા વિકાસશીલ રાષ્ટ્રો વચ્ચે નાનાંમોટાં યુદ્ધોને પ્રોત્સાહનો આપ્યા, ભારતપાક, ઈરાનઈરાક, ઈઝરાયેલઆરબ દેશો હરહંમેશ યુદ્ધ માટે તૈયાર જ હોય છે. આ દેશોના સૈનિકો તથા લોકોની જાનહાનિ સાથે આર્થિક નુક્સાન વધતા જાય છે.

  (4) મહાસત્તાઓને આર્થિક બોજ : બીજા વિશ્વયુદ્ધ પછી અમેરિકા અને સોવિયતસંઘ વચ્ચે જે ‘‘ઠંડુયુદ્ધ’’ સર્જાયું. આ બંને સત્તાઓએ વિવિધ રાષ્ટ્રોને પોતાના જૂથોમાં સામેલ કરવા વિવિધ પ્રયત્નો શરૂ કર્યો. જેને પરિણામે આર્થિક મદદ અને લશ્કરી સુરક્ષાનું રાજકારણ શરૂ થયું. આ બંને મહાસત્તાઓ વચ્ચે અણુશસ્ત્રોની હરીફાઈ શરૂ થઈ. આ દેશો પર પણ આર્થિક બોજ વધતો ગયો અને પરિણામે સોવિયતસંઘનું વિખંડન થયું.

## 3. ટૂંકનોંધ લખો : વિશ્વશાંતિ.

- વિશ્વશાંતિએ વિશ્વના તમામ દેશો અને / અથવા લોકોમાં સ્વતંત્રતા, શાંતિ અને સુખનો આદર્શ છે. વિશ્વશાંતિએ વિવિધ દેશો દ્વારા સ્વેચ્છાએ અપનાવેલ શાસન વ્યવસ્થા છે. જે યુદ્ધ રોકવા માટે જરૂરી સહકાર માટેનું એક સાધન છે. વિશ્વશાંતિએ વિશાળ અર્થમાં વપરાતો શબ્દ છે. કે જેમાં યુદ્ધ ઉપરાંત તમામ વ્યક્તિઓમાં તમામ પ્રકારના દુશ્મનાવટ દૂર કરવાના સંદર્ભમાં તે વપરાય છે.
- વિશ્વશાંતિ પ્રાપ્ત કરવાના સૂચનો :

  (1) કુદરતી સંસાધનો : વિશ્વમાં ખનીજતેલ માટે અનેક યુદ્ધો થયા છે. (ખાડી યુદ્ધ) ઉપરાંત, વિશ્વ કક્ષાએ તેલીયું રાજકારણ પણ રમાઈ રહ્યું છે. ત્યારે ઊર્જાના બિનપરંપરાગત સાધનોનો ઉપયોગ વધે તેવા પ્રયત્નો થવા જોઈએ. સૂર્યપ્રકાશથી સંચાલિત (solar) પવનચક્કી, સમુદ્રના મોજ, કુદરતી ગેસ, ગોબરગેસ, વગેરેનો ઉપયોગ અલગઅલગ ક્ષેત્રોમાં વધી રહ્યો છે. આજે મનુષ્યો. ખનીજતેલ પર જ આધારિત સંસાધનોને બદલે અન્ય તકનીક તરફ વળ્યા છે જે શાંતિની દિશામાં પ્રથમ પગલું છે.

(2) રાજકીય વિચારધારા : વિશ્વશાંતિ એ કોઈ ચોક્કસ રાજકીય વિચારધારાનું એક અનિવાર્ય પરિણામ છે. વૈશ્વીક કક્ષાએ અનેક મહાનુભાવોએ શાંતિ માટે પોતાના વિચારો રજુ કર્યા છે. જે અંતર્ગત અમેરિકન ભૂતપૂર્વ પ્રમુખ જ્યોર્જ બુશના મતાનુસાર ''લોકશાહી જ વિશ્વને શાંતિ તરફ દોરી જશે.'' અને તેથી જ પાછલા વર્ષોમાં જોઈ શકીએ છીએ કે લોકશાહી મૂલ્યો ધરાવતા દેશો ક્યારેય યુદ્ધ કરવાની શરૂઆત કરતા નથી. સામે પક્ષે મૂડીવાદી વિચાર સરણી ધરાવતી રાજ્ય વ્યવસ્થાએ પોતાની સામ્રાજયવાદી અને વિસ્તારવાદી નીતિએ અનેક યુદ્ધોને જન્મ આપ્યો છે.

(3) આંતરરાષ્ટ્રીય વેપાર : આંતર રાષ્ટ્રીય વેપારમાં મુખ્યત્વે યુદ્ધના શસ્ત્રો અને ટેક્નોલોજીનું વેચાણ કરતા બહુરાષ્ટ્રીય કંપનીઓનું વર્ચસ્વ વધતું જાય છે. આ કંપનીઓ વિશવના અલગઅલગ દેશો વચ્ચે દખલગીરી કરીને પોતાના શસ્ત્રોનું વેચાણ વધે તે માટે પ્રયત્ન કરે છે. પરંતુ જો વિશ્વના તમામ દેશો શસ્ત્રોના નિર્માણ માટે આત્મ નિર્ભય બને કે તમામ દેશો શાંતિ સ્થાપવા માટે સરકાર આપવા તૈયાર થાય તો આંતરરાષ્ટ્રીય સ્તરે શાંતિ શક્ય બને છે.

(4) માનવતા : પ્રથમ અને દ્વિતીય વિશ્વયુદ્ધને પરિણામે સમગ્ર માનવજાતે જે જાનમાલ અને મિલકતોની ખૂવારી અનુભવી છે. જાપાન પરના અણુબોમ્બની અસર આજે પણ વિશવ જોઈ રહ્યું છે ત્યારે આવનાર સમયમાં યુદ્ધને કારણે કોઈ મૃત્યુ ન પામે કોઈ અનાથ ન બને, કોઈ શરણાર્થી ન બને તેવા પ્રયત્નો વિશ્વના અલગઅલગ દેશોમાં થઈ રહ્યા છે. માનવતા માટે સામુહિક પ્રયત્નો થીય તો ચૌમસવિશ્વશાંતિ સ્થાપી શકાય છે.

(5) નિઃશસ્ત્રીકરણ : વિશ્વ કક્ષાએ અલગઅલગ સમયે વિવિધ રાષ્ટ્રો પાસે રહેલા અણુશાસ્ત્રોના નિઃશાસીકરણ પર ભાર મુકાયો છે. શસ્ત્રીકરણ કરવા માટેના ચોક્કસ કારણો પણ છે. જેમ કે,

- (અ) અણુશસો ભારે વિનાશક શક્તિવાળા છે.
- (બ) અણુશસ્ત્રો લશ્કરી ખર્ચાઓ વધારે છે.
- (ક) આણુશસ્ત્રોના ઉત્પાદક દેશો જ શરતીકરણને પ્રોત્સાહન આપે છે.
- (ડ) વિશ્વની મહત્તાઓને આર્થિક બોજ આપે છે. ટૂંકમાં વિશ્વશાંતિ માટે આંતરરાષ્ટ્રીય કક્ષાએ ''સંયુક્ત રાષ્ટ્રસંઘ?'' (UNO)" અને અમેરિકા, રશિયા, બ્રિટન જેવા દેશો પણ પોતાની રીતે પ્રયત્નો કરે છે. ભારત કે જે ''યુદ્ધ નહી પરંતુ બુદ્ધને માનનાર દેશ છે. તે હંમેશા શાંતિની સ્થાપના થાય તે માટે પ્રયત્ન કરે છે. અને આવા પ્રયત્નો કરતી સંસ્થાઓ કે કાર્યક્રમોને પોતાના પુરતો સહકાર આપે છે.

### 4. ટૂંકનોંધ લખો : વિકાસનું આધુનિક મૉડેલ.

''ક્લબ ઓફ રોમ'' નામની આંતરરાષ્ટ્રીય સ્વૈચ્છિક સં. 1972માં ''ધ લિમિટ ટુ ગ્રોથ " નામે વિશ્વના વિકાસની પવિત્ર અંગે અહેવાલ તૈયાર ક્ય. આ અહેવાલ મુજબ વિકાસ માટે કદ સંપત્તિનો વિનાશ હાલના દરે ચાલુ રહેશે તો આગામી એક વર્ષમાં પૃથ્વી વિનાશની સીમાએ પહોંચી જશે. આ રીપોર્ટ વિશ્વમાં વિકાસ અને પર્યાવરણ અંગે મોટી છે જગાડી. જેની નિપજ સર્વગ્રાહી વિકાસના આધુનિક મોડેલ માટેના ચિંતનથી શરૂ થયું. જેમાં, પર્યાવરણના ભોગે કોઈ વિકાસ નહી તમામ લોકોની પાયાની જરૂરિયાત સંતોષાય તથા સમાજ અને રાજયનો આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય વિકાસ થાય તે પરિસ્થિતિને ''સર્વગ્રાહી વિકાસ'' કહેવામાં આવે છે.

5. ટૂંકનોંધ લખો : શાંતિ અંગેના વુડ્રો વિલ્સનના વિચારો.

- પ્રથમ વિશ્વયુદ્ધની ભયાનતાના ચિંતનાત્મક ફળશ્રુતિ તરીકે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ વુડ્રો વિલ્સને વિશ્વશાંતિ માટે 14 સુત્રીય કાર્યક્રમ અને રાષ્ટ્રસંઘની સ્થાપના માટે મહત્વનું યોગદાન આપ્યું. કેટલાક કારણોસર રાષ્ટ્રસંઘની સ્થાપના માટે મહત્ત્વનું યોગદાન આપ્યું.
- કેટલાક કારણોસર રાષ્ટ્રસંઘ નિષ્ફળ નિવડયું અને બીજુ વિશ્વયુદ્ધ શરૂ થયું. વિસ્લનની શાંતિ વિચારણા એ હતી કે વિશ્વના દેશો પરસ્પરના પ્રશ્નો યુદ્ધ દ્વારા નહિ પરંતુ શાંતિપૂર્ણ ચર્ચા વિચારણા દ્વારા ઉકેલે તો જ વિશ્વશાંતિ જાળવી શકાય. તેઓનું સ્વપ્ન 1945માં સ્થપાયેલ સંયુક્તરાષ્ટ્ર સંઘ પૂર્ણ કરી રહ્યું છે.

6. ટૂંકનોંધ લખોઃ શાંતિ અંગેના પ્રો.જહોન ગાસ્ગના વિચારો.

- આધુનિક સમયમાં પ્રો. જહોન ગાલુગના વિચારોને શાંતિની સ્થાપના માટેના મહત્વના વિચારો તરીકે અભ્યાસમાં લેવાય છે. તેઓ હિંસાના અભાવને શાંતિપૂર્ણ વ્યવસ્થા તરીકે ઓળખાવે છે. પ્રો. ગાલેંગના મતે બે પ્રકારની હિંસા સમાજમાં પ્રવર્તે છે.

  (1) પ્રત્યક્ષ હિંસા : કે જેને નકારાત્મક શાંતિ તરીકે ઓળખાવે છે.

  (2) સમાજગત હિંસા : કે જેને સકારાત્મક શાંતિ તરીકે ઓળખાય છે. શાંતિ અંગેના જુદા  જુદા ચિંતકોના વિચારોના અભ્યાસને આધારે શાંતિના વિચારને કેવી રીતે સાકાર કરવા તે વ્યક્તિગત બાબત છે.

7. વિકાસ માટે કઈ બે બાબતો જરૂરી છે?

- વિકાસ માટે નીચેની બે બાબતો મહત્ત્વની અને જરૂરી છે .

  (1) વિકાસ માત્ર આર્થિક સ્થિતિ કે વૃદ્ધિ નથી, તે જટિલ છે. જેમાં પર્યાવરણ, ટેકનોલોજી, આર્થિક, રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક એમ અનેક પાસાંઓનો વિચાર કરવો જરૂરી છે.

  (2) વિકાસની પ્રક્રિયાનું મુક્ય કેન્દ્ર માનવ છે. જેમાં માનવ જરૂરિયાતો, સાંસ્કૃતિક અસ્મિતા અને સામાજિક તથા ભૌતિક પર્યાવરણમાં થતા ફેરફારોને માનવ સંબંધો સાથેના સંદર્ભમાં જોવા જરૂરી છે.